eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 69
15 Sept., 2006

## સુરત – પૂરપ્રલય અને પુનઃસ્થાપન – ઓગષ્ટ ૨૦૦૬

*આ તાપી નદીએ ૭ ઓગષ્ટ ૨૦૦૬ના બપોરથી પોતાનું રૂપ એકાએક બદલી રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. ગાંડીતૂર બનેલી તાપી નદીએ પોતાનો -કોપ સુરતની એંસી ટકા -જા ઉપર ઠાલવ્યો. તાપી નદીનું આ તાંડવ સતત ત્રણ દિવસ ૭ ઓગષ્ટ ૨૦૦૬ થી ૯ ઓગષ્ટ ૨૦૦૬ સુધી ચાલ્યું. સુરતના નિચાણવાળા વિસ્તારમાં તો ૧૧ ઓગષ્ટ સુધી તાપી નદીનાં પાણીએ ધામા નાંખ્યા હતા. જ્યાં જ્યાં સ્થળ હતું ત્યાં ત્યાં જળ, જળ અને બસ જળનું સામ્રાજ્ય વ્યાપી ગયું.*

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા / ડેન્ગ્યુથી બચવા શહેરના નાગરિકો માટે આરોગ્ય સંદેશ

પૂર પ્રશ્ચાતની હવામાન પર્યાવરણની આરોગ્ય પર થતી અસરની ગંભીરતાને સમજીને આવતા એક મહિના માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખશો.

૧. પાણી ભરેલા વાસણો કે પાણી ભરેલ ખુલ્લી ટાંકીઓમાં મચ્છરના પોરા ઉત્પન્ન થાય છે. આ પોરા જ મચ્છરોની ઈયળો છે. જેથી નાગરિકોએ પોતાના ઘરમાં પીપ, પવાલી, પ્લાસ્ટીકના કેરબા કે ખુલ્લી ઓવર હેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણીનો સંગ્રહ ન કરવો તથા દર પાંચમાં દિવસે વાસણો ઘસીને સાફ કરવા.
૨. મેલેરીયા કર્મચારી / ડોકટરની સલાહ મુજબ લોહીની તપાસ કરાવવી અને દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો.

વધુ માટે કલીક કરો >>>>>>

## શાળાના સંચાલકો અને વાલીઓ જોગ આરોગ્ય સંદેશ

પૂર પ્રશ્ચાતની હવામાન પર્યાવરણમાં થયેલ ફેરફારોને લીધે શહેરનાં બાળકોના આરોગ્ય રક્ષણ માટે ખાસ પગલાં જરૂરી છે. આ વિષયે સંચાલકો અને વાલીઓની સંયુકત જવાબદારી છે, જે ગંભીરતાથી લઈ આવતા એક મહિના માટે નીચેની તકેદારી લેવી.

૧. શાળાનાં મકાન અને કમ્પાઉન્ડની પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રહેવી જોઈએ
૨. શાળાનાં મકાનમાં અગાશી સહિત અને પરિસરમાં કોઈપણ પ્રકારના પાણીના નાનાં મોટા ભરાવાનો નિયમિત નાશ કરવો.

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ વિસ્તારમાં વેલકમ કલીયારીટી કલબનું જન જાગૃતિ સફાઈ અભિયાન



હાલના સંજોગોમાં સુરતમાં જે વિનાશક પૂર આવેલા અને તેને કારણે આપણા શહેરમાં સફાઈની અને સામાન્ય જનમાં સફાઈ પ્રત્યેની જનજાગૃતિ આવે અને જો આપણે સહુ આપણી પોતાની ફરજ સમજી આપણા ઘર, આગણાંને, સોસાયટીને સ્વચ્છ રાખીશુ તો ચોકકસ આપણો વિસ્તાર ગંદકીથી મુકત બની સ્વચ્છ સુંદર બનશે. જેથી આપણું સુરત શહેર પણ ફરીથી સ્વચ્છ અને સુંદર બની જશે. આવા શુભ અને જનજાગૃતિના સફાઈના હેતુસર આજરોજ કતારગામ વિસ્તારમાં સફાઈ મહાઅભિયાન રાખેલ જેને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## *રાંદેર ઝોન-મનપા ની એક સેવાકીય રીતે વ્યસ્ત કચેરી*

*સૂરતઃ શુક્રવારઃ રાંદેર વિસ્તારમાં ઝોન કચેરીમાં પાણી ભરાતાં લગભગ ૨૫૦ જેટલા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. કચેરીની સંપૂર્ણ અવદશા થવા છતાં આ કર્મચારીઓએ લોક સેવા ચાલુ રાખી હતી. આ ઝોન કચેરીમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ખાસ્સી એવી છે. આ તમામ મહિલા કર્મચારીઓએ જુસ્સાભેર કામગીરી કરી અને જુદા જુદા વિસ્તારમાંથી મળતી ફરિયાદોના નિકાલ માટે માણસો મોકલીને નાગરિકોને મહેતમ રાહત મળે તેવા પ્રયાસો કર્યા અને હજી પણ કરી રહી છે.*



વધુ માટે કલીક કરો >>>>>>

## *પાલનપુર પાટિયા ની રહેણાંકની સોસાયટીમાં એક લાડકુનામ શરીફ શેખ*



*સૂરતઃ શુક્રવારઃ આમતો શરીફ શેખ અંકલેશ્વર નગરપાલિકાના કેશીયર છે. પણ તેઓ રાજય સરકારના આદેશથી કામદારોની ટીમ સાથે પાલનપુર પાટિયા વિસ્તારમાં ગંદકી, કચરો અને કાદવના નિકાલમાં કામે લાગ્યા છે. શરીફ શેખ કહે છે જયારે હું સૂરત આવ્યો અને મને આ વિસ્તાર ફાળવ્યો અને તુરત હું અહી પહોચી ગયો.હું મારા કામદારો સાથે સીધો જ કામે લાગ્યો જે સોસાયટીમાં હુ કામે લાગ્યો હતો ત્યાં શરૂમાં અમને પીવાનું પાણી પણ કોઈ પૂછનાર ન હતું છતાં મે મુખ્ય માર્ગ ચોખ્ખો કરવાનું ચાલુ રાખ્યું.*

વધુ માટે કલીક કરો >>>>>>

## *પોતાના દુકાનમાં દશ લાખનું નુકશાન ભોગાવનાર યોગેશ ધાણક શું કહે છે.?*

*સૂરતઃ શુક્રવારઃ આ તો કુદરતી કોપ છે. નુકશાન સૌને થયું છે. મુશ્કેલી સૌને આવી છે. છતા એમ કહેવું તદન ખોટું છેકે સરકારી તંત્ર સાવ બુઠું રહયું સરકારી અધિકારી અને મનાપાના અધિકારીને કર્મચારીને રાત દિવસ કામ કરતા જોયા છે. મારાજ કિસ્સામાં મનપાના કર્મચારીઓ મને અને મારા સ્ટાફને વ્હારે આવતા આજે અમો સલામત છીએ આ શબદો છે. આનંદ મહેલરોડ ઉપર પોતાની દુકાન ધરાવતા યોગેશ ધાણાકના તદન અશિક્ષિત અભણ એવા આ યુવાન વેપારી લાખોનું ટન ઓવર ધરાવતો વેપારમાં છે.*




વધુ માટે કલીક કરો >>>>>>

## *અંકલેશ્વર નગરપાલિકાની ટીમને ભરપૂર લોક સહયોગ મળ્યો*



*પાલનપુર પાટિયા વિસ્તારમાં રહેતા યુવાન એવા રીકીન વ્યાસ કહે છે કે તંત્ર દ્વારા મળતી રેડિયો ઉપરની સૂચનાઓ અને એસ.એમ.એસ. સૂચનાઓ અન્વયે હમો સલામત જગ્યાએ સ્થાળાતર થતાં પરિવાર સહિત અમો બચી ગયા છીએ. અમારા વિસ્તારમાં ગંદકી અને કાદવની સફાઈમાં અમો ના માનીએ અને લોકોના માન્યામાં ન આવે તેવી યાદગાર ઘટના બની છે. રાજય સરકાર વતી અમારા વિસ્તારની સોસાયટીઓમાં અંકલેશ્વર નગરપલિકાની ટીમ આવી અને આજે અમારા વિસ્તારની તમામ સોસાયટીઓ ચોખ્ખી થઈ રસ્તા સાફ થયા છે.*

વધુ માટે કલીક કરો >>>>>>

## આવું પણ બન્યું હતું...યતીમખાનાના ૨૫૪ બાળકોને સાધુ–સંતોએ દોરડે તરીને ખાદ્ય સામગ્રી પહોંચાડી...

સુરત : મંગળવાર પૂરગ્રસ્ત સુરતના દિવસો દરમ્યાન શહેરીજનોને મદદમાં આવવાના અને ઉમદા માનવીય કાર્યોનો જાણે ધોધ વહયો હતો. અનેક સંસ્થાઓ યુવકમંડળો વ્યકિતગતરીતે અને મનપાનું તંત્ર આમ સૌ કોઈ સેવાના કાર્યોમાં ત્રણચાર દિવસ તો આ શહેર જાણે સેવાની નગરી બન્યું હતું એ દિવસોમાં શહેરમાં ચારેતરફ માત્ર પાણી હતું અને કોણ કોને મદદ કરી રહયું છે તે પણ જાણી શકાતું નહતું અખબારો પણ ખૂબ ઓછા લોકો સુધી પહોંચતા હતા અને કેટલાંક અખબારી કાર્યાલયો પણ મુશ્કેલીમાં હતા. સેવા અને શ્રૃષુઆમાં શહેરની સ્વામિનારાયણ સંસ્થા પણ જોડાઈ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત
# પૂરપ્રલય અને પુનઃસ્થાપન
# ઓગષ્ટ ૨૦૦૬

*શ્રી તાપી મહાત્મ્યમ્‌ના ત્રીજા અધ્યાયના સાતમાં શ્લોક માં ક્‌ïું છે કે,*

*યદા ન ગંગા, સરયૂ ન રેવા*

*ન ગોમતી સાભ્રમતી ન ભાષા*

*યદા ન વિશ્વં ન ચ વિશ્વકર્મા*

*તદા - યાતા કિલ સૂર્ય દેહા....*

*અર્થાત્‌ જ્યારે આ પૃથ્વી ઉપર ગંગા, સરયૂ, રેવા, ગોમતી, સાબરમતી, ભાષા, વિશ્વા, વિશ્વામિત્રી જેવી નદીઓનું અસ્તિત્વ ન હતું ત્યારે પણ સૂર્યપુત્રી તાપી નદી તો વહેતી જ હતી.*

*શાસ્ત્રોમાં ક્‌ïું છે કે, તાપી માતાના સ્મરણ માત્રથી મનુષ્યના સર્વ પાપ ધોવાઈ જાય છે. એવી સૂર્યપુત્રી તાપીનદી કોઈક જગ્યાએ ઝરણાની જેમ ખળખળ વહે છે, તો કોઈક જગ્યાએથી તે ઘૂઘવતી પસાર થઈ અરબી સમુદ્રને મળે છે.*

*સુરત શહેરનું ભૌગોલિક સ્થાનઃ સુરત અરબી સમુદ્રના કાંઠે પશ્ચિમ ભારતનાં ગુજરાત રાજયમાં વસેલુ શહેર છે. સુરત નગરનાં મધ્યેથી તાપી નદી પસાર થાય છે. સુરત શહેર ૨૧–૧૫' ઉત્તર અક્ષાંશ અને ૭૨–૫૨' પૂર્વ રેખાંશ ઉપર આવેલું છે.*
*હાલનો વિસ્તારઃ ૩૩૪.૨૩ ચો. કિ. મી.*
*ઊંચાઈઃ સમુદ્ર તળથી સરેરાશ ઉંચાઈ ૧૭ મી છે.*
*જનસંખ્યાઃ ૩૫ લાખથી વધુ ( ૮ નગરપાલિકા અને ૨૭ ગ્રામપંચાયતનો ૨૦૦૬માં વિલીનીકરણ પછી)*
*ભાષાઃ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી*
*પરિવહન સાધનઃ સુરત મહત્વનાં મુંબઈ–દિલ્હી અને અમદાવાદને સાંકળતા રેલ્વે અને ધોરી માર્ગ પર આવેલ છે.*
*સુરત ૧૯૯૪માં કહેવાતા પ્લેગ પછીના સમયગાળામાં સ્વચ્છતા અને સફાઈ કામગીરી માટે રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુવિખ્યાત બન્યું. રાષ્ટ્રના દ્વિતિય સ્વચ્છ શહેરની ગણના પામ્યું.*

*પુરવણી : પુર પહેલા સુરત શહેર એટલું બધું સુંદર અને સોહામણું હતું કે, થોડાંક વર્ષો પહેલા સુરત ફરવા આવેલા મુલાકાતીઓ નવાનક્કોર અને બદલાયેલા શહેરને જોઈ મોમાં આંગળા નાખી જતા. પરિવર્તન પામેલા આ શહેરને ફાટી આંખે જોયા કરતાં. દિવસના જુદા અને રાત્રે અનોખા લાગતા નયનરમ્ય શહેરના વખાણ કરતાં લોકો થાકતા નહિ. તે માત્ર સુરતનેજ નહીં પરંતુ રાજયને માટે પણ ગૌરવ સમાન બાબત હતી.*

*સને ૨૦૦૫ના વર્ષને રાજય સરકારશ્રીએ શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરતાં સુરતે વિકાસની હરણફાળ ભરી આ વર્ષમાં સુરતમાં માળખાગત પાયાની સુવિધાઓની સાથે પર્યાવરણ, હરીયાળા સુરતની દિશામાં બાગબગીચા સાથે ઓડીટોરીયમ, સ્પોર્ટસ સંકુલ સહિતના સાંસ્કૃતિક, કલા વિજ્ઞાન, પર્યાવરણલક્ષી પ્રકલ્પો પણ સાકાર કર્યા, શુભારંભ કર્યા.*

*આ તાપી નદીએ ૭ ઓગષ્ટ ૨૦૦૬ના બપોરથી પોતાનું રૂપ એકાએક બદલી રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. ગાંડીતૂર બનેલી તાપી નદીએ પોતાનો -કોપ સુરતની એંસી ટકા -જા ઉપર ઠાલવ્યો. તાપી નદીનું આ તાંડવ સતત ત્રણ દિવસ ૭ ઓગષ્ટ ૨૦૦૬ થી ૯ ઓગષ્ટ ૨૦૦૬ સુધી ચાલ્યું. સુરતના નિચાણવાળા વિસ્તારમાં તો ૧૧ ઓગષ્ટ સુધી તાપી નદીનાં પાણીએ ધામા નાંખ્યા હતા. જ્યાં જ્યાં સ્થળ હતું ત્યાં ત્યાં જળ, જળ અને બસ જળનું સામ્રાજ્ય વ્યાપી ગયું. તાપીના પૂરે આ શહેરની સુંદરતા, સ્વચ્છતા, મોહકતા, આધુનિકતા ઉપર પાણી ફેરવી દીધું.*

*સુરત શહેર અને નજીકના વિસ્તારો દૂનિયાથી વિખૂટા પડી ગયા.*

*સુરતની -જા અને સુરત મહાનગરપાલિકા કસોટીની એરણ ઉપર આવી ગયા.*

*આમ તો -તિ વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે ૧૫મી જૂનથી ફલડ કન્ટ્રોલ દરેક ઝોન ઓફિસમાં શરૂ થઈ જ જાય છે. ઉચ્ચ કક્ષાના ઈજનેર, ત્રણ શીફ્ટમાં કામ કરતા હોય છે. તેમ ૨૦૦૬ના જુન મધ્યમાં ફલડ કન્ટ્રોલ રૂમ કાર્યરત હતા જ અને સ્ટાફ પણ સજાગ હતો.*

*છઠ્ઠી ઓગષ્ટ મધ્યરાત્રી અને સાતમી ઓગષ્ટની વહેલી સવારે સંદેશાઓ મળ્યા કે, ઉપરના વિસ્તારમાંથી તાપી નદી દ્વારા ઉકાઈ ડેમમાં પાણીનો જથ્થો ઠલવાઈ રïો છે. તેને કારણે ઘણું બધું પાણી ઉકાઈ ડેમમાંથી છોડવું પડશે. તેથી ૧૯૯૮ના વર્ષ કરતા પણ વધુ પાણી અને પૂર આવવાની શક્યતા છે.*

સુરત મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓ લશ્કરી કમાન્ડોની જેમ સજાગ થઈ ગયા. -થમ તો પાણી આવી ર□ાની ચેતવણી આપતું રેડિયો બુલેટીન એફ.એમ. સુરત રેડિયો સ્ટેશનથી વહેતું કર્યું. સુરતની લોકલ ચેનલો ઉપર સ્ક્રોલ દ્વારા જાહેરાત કરી. -ેસનોટ તૈયાર કરી સવારે ૧૧-૩૦ થી ૧૨-૦૦ કલાકના સમયગાળામાં પત્રકાર પરીષદ બોલાવીને જાણ કરવામાં આવી. એસ.એમ.એસ. મોકલવામાં આવ્યા ને પછી સાંજે ૭-૦૦ કલાકે માજી મ્યુ. કમિશનર ચીફ કો.ઓર્ડિનેટર રેસક્યુ રીલીફ અને રીહેબીલીટેશન શ્રી એસ.આર. રાવ દ્વારા સાંજે ૭-૦૦ કલાકે મનપા કચેરીએ મુલાકાત બાદ પરિસ્થિતિનો તાગ મેળવી એસ.એમ.એસ. અને ટી.વી. ચેનલો, રેડિયો દ્વારા -જાજનોએ ઓછામાં ઓછા ૨૦ ફૂટ ઉંચે ખસી જવું. **તેવા સંદેશા મોકલાવ્યા જેના આધારે** ભયાનક અને વિનાશક પરિસ્થિતિ સર્જાવાની છે, તેનો અંદાજ દરેકને આવી ગયો હતો.

ફ્લડ કન્ટ્રોલ રૂમના રેકોર્ડઝમાંથી આંકડાકીય માહિતી જોઈએ તો પૂરની ગંભીર પરિસ્થિતિનો વધુ ખ્યાલ આવશે.

| તારીખ | સમય | ઉકાઈમાંથી છોડવામાં આવેલો પાણીનો જથ્થો ક્યુસેક્સ | ઉકાઈનું લેવલ ભયનજક સપાટી ૩૪૫ ફૂટ | સુરત ખાતે તાપી નદીનું હોપ પુલ ખાતે લેવલ ભયજનક સપાટી ૯.૫૦ મીટર |
|---|---|---|---|---|
| ૫-૮-૦૬ | મધરાત્રે | ૨૩૬૭૩ | ૩૩૫.૦૮ | - ૨.૮૦ |
| ૫-૮-૦૬ | રાત્રે ૧૨ કલાકે | ૧,૨૫,૪૬૪ | ૩૩૫.૪૨ | ૦.૯૦ |
| ૬-૮-૦૬ | વહેલી સવારે | ૧,૨૫,૬૦૦ | ૩૩૫.૩૭ | ૧.૦૦ |
| ૬-૮-૦૬ | રાત્રે ૧૨ કલાકે | ૩,૫૨,૦૫૬ | ૩૩૭.૧૨ | ૬.૯૦ |
| ૭-૮-૦૬ | મધરાત્રે | ૮,૨૯,૮૨૯ | ૩૪૨.૯૮ | ૧૧.૯૦ |
| ૮-૮-૦૬ | રાત્રે ૭ કલાકે | ૯,૬૨,૨૭૭ | ૩૪૫.૫૨ | ૧૨.૪૦ |
| ૯-૮-૦૬ | સવારે ૯ કલાકે | ૯,૪૯,૫૪૯ | ૩૪૫.૬૦ | ૧૨.૫૦ |
| ૯-૮-૦૬ | રાત્રે ૧૨ કલાકે | ૬,૫૦,૪૫૭ | ૩૪૬.૦૨ | ૧૨.૨૦ |
| ૧૦-૮-૦૬ | રાત્રે ૧૨કલાકે | ૫,૪૪,૭૯૫ | ૩૪૫.૧૭ | ૧૧.૨૫ |

અહીં આપણે જોઈ શકીએ છીએ કે, ઉકાઈ ડેમમાંથી મહત્તમ પાણી ૮ ઓગષ્ટના રોજ નવ લાખ બાંસઠ હજાર બસ્સો સીત્તોતેર ક્યુસેક્સ છોડવામાં આવ્યું હતું. ઉકાઈ બંધની ભયજનક સપાટી જાળવી રાખવા એ પાણી છોડવામાં આવ્યું અને પૂનમની ભરતી હોવાને કારણે દરિયાએ પણ પોતાનું પાણી સુરતમાં ઠાલવતા બંને પાણી સુરત શહેરમાં ફરી વળ્યા અને સર્વત્ર જળબંબાકાર થઈ ગયું.

સુરત પુરની અસર એક આંકડાકીય ઝલક :–

૧.૧) ઉકાઈ જળાશયમાં ઉપરવાસમાં ભારે વરસાદ થવાથી ઉકાઈ બંધની ભયજનક સપાટી વધતા ૧૩ કલાકના સમયગાળા દરમ્યાન ૬ થી ૭.૫ લાખ ક્યુસેકસ જેટલું તેમજ ૪૨ કલાક દરમ્યાન ૮ થી ૯.૫ લાખ ક્યુસેકસ પાણી તા. ૬–૮–૦૬ થી તા. ૮–૮–૦૬ સુધી ઉકાઈ બંધમાંથી છોડવામાં આવ્યું હતું તેને પરિણામે સુરત શહેરના અંદાજીત ૧૨૮ ચો.કિ.મી. વિસ્તાર (જેમાં નવો સમાવિષ્ટ થયેલ ૪૭ ચો.કિ.મી.નો પણ સમાવેશ થાય છે) ની ૧૯ લાખ જેટલી વસ્તીને અસર થઈ હતી. તબકકાવાર હોપ પુલ ખાતે તાપી નદીની સપાટી વધતા શહેરમાં પાણી ભરાવાની અસર નીચે થવા પામી.

| ક્રમ | લેવલ (ફુટમાં) | અસરગ્રસ્ત વિસ્તાર (ચો.કિ.મી.માં) |
|---|---|---|
| ૧ | ૦ થી ૩ ફૂટ | ૧૬.૦૪ |
| ૨ | ૩ થી ૫ ફૂટ | ૧૪.૫૫ |

| ક્રમ | લેવલ(ફુટમાં) | અસરગ્રસ્ત વિસ્તાર (ચો.કિ.મી.માં) |
|---|---|---|
| ૩ | ૫ થી ૧૦ ફૂટ | ૩૦.૦૩ |
| ૪ | ૧૦ફૂટથી વધુ | ૨૦.૮૨ |

૧.૨) પૂરથી શહેરના ૧૨૮ ચો.કિ.મી. વિસ્તારના ૪ લાખ જેટલા ઘરોની ૧૯ લાખ જનસંખ્યાને અસર થવા પામેલ હતી. આ દરમ્યાન બચાવ અને રાહત કામગીરી માટે આર્મીના ૪૨૭, સીઆરપીએફના ૧૯૦ જવાનો સાથે મનપાના કર્મચારીઓ, સ્વૈચ્છિક સંગઠનોના સ્વયંસેવકોએ મહાનગરપાલિકા અને લશ્કરની ૪૪ જેટલી બોટો તેમજ અન્ય સંસ્થાઓની ૮૦ જેટલી બોટો મારફત અંદાજીત

*૨૪000 વ્યકિતઓને સલામત સ્થળે ખસેડવામાં આવી હતી. ઉપરાંત ૧૨ હેલીકોપ્ટર મારફત ૩૩૪ વ્યકિતઓને બચાવી લેવામાં આવી હતી.*

*જ્યાં ૧૯૯૮ની રેલ સમયે દોઢ ફૂટ પાણી હતા ત્યાં પાંચ ફૂટથી બાર ફૂટ ઊંચા પાણી પહોંચ્યા હતા.*

*સ્વાભાવિક પુરને કારણે પહેલી અસર કિનારાના વિસ્તારને થાય. સૌ - થમ બાપુનગર, શીતલ ટોકીઝ, નહેરૂ પુલના નાકેનો વિસ્તાર, ધનમોરા કોમ્પલેક્ષ વગેરે વિસ્તારમાં પાણી - વેશ્યા.*

*ધીમે ધીમે પાણી રાંદેર રોડ ઉપર ઋષભ ટાવર સુધી પહોંચ્યા. બીજી તરફ મોરાભાગળ, કોઝવે રોડ, કાદરશાની નાળ, ધાસ્તીપુરા, રાંદેર નદી કિનારાનો વિસ્તાર, વેડ, સીંગણપોર, અમરોલી, કોસાડ, છાપરા-ભાઠા વગેરે વિસ્તારમાં પાણી આવવા માંડ્યા. આ તમામ વિસ્તારને એન્ટ્રી પોઈન્ટ તરીકે ગણાવી શકાય.*

*તાપી નદીનું પાણી પછી તો ધીમે ધીમે નાના-મોટા, ઉંચા-નીચા વિસ્તારમાં - વેશતું જ ગયું.*

*સુરતનો ૮૦ ટકા વિસ્તાર તાપી નદીમાં આવેલા પૂરની લપેટમાં આવી ગયો.*

- *નિત્યાનંદ સોસાયટી, કતારગામ, ડેરી ફળીયા*
- *સમ્રાટ સોસાયટી, કાપોદ્રા, લંબે હનુમાન રોડ*
- *પાર્લે પોઈન્ટ, ઈચ્છાનાથ, સરગમ શોપીંગ સેન્ટર*
- *ગાયત્રી નગર, કતારગામ રોડ, પીપલ્સ બેંક પાસે, વેડ રોડ, રમણ નગર, ગણેશ નગર*
- *પાલનપુર પાટીયા વિસ્તાર*
- *રાજશ્રી હોલ, નવસારી બજાર, મેઈન રોડ, મલેકવાડી*
- *ટપાલ બેંડ મેઈન રોડ, ક્ષેત્રપાળ મંદિર, નાડિયાવાડ બોમ્બે કોલોની, ગુજરાતી સ્કૂલ*
- *આનંદ મહલરોડ, તીરૂમાલા કોમ્પલેક્ષ, મહાલક્ષ્મી મંદિર માર્ગ, ગોદાવરી ફ્લેટ્સ*
- *ફૂલપાડા, સડક ફળીયું, સ્મશાનભૂમિ, કતારગામ ઝોન*
- *સરોલી જકાતનાકા, જહાંગીરપુરા*
- *નવયુગ કોલેજ, રાંદેર રોડની અંદરના એપાર્ટમેન્ટ તેમજ રો-હાઉસના રસ્તે શેત્રુંજય ટાવર*
- *વરાછા મેઈન રોડ, અંદરનો વિસ્તાર, ધરમનગર તેમજ સીમાડાના ગામો*
- *સહજ ધામ રો હાઉસ, સુકાન સોસા., રણછોડપાર્ક, પરશુરામ ગાર્ડન*
- *ગાંધીસ્મૃતિ ભવન, નાનપુરા, કદમપલ્લી,*
- *અમરોલી*
- *અશોકનગર, જે.કે.પી. નગર, સીંગણપોર રોડ.*
- *હિરાબાગ - વરાછા વિસ્તાર*

*તાપી નદીના સામસામેના બંને વિસ્તારોને જોડતા પૂલો પૈકીનો લો લેવલ બ્રીજ - સ્વામી વિવેકાનંદ પુલ તો પુરેપુરો પાણીથી ઢંકાઈ ગયો. પુલ ઉપરથી પાણી વહેતાં હતાં.*

*જે વિસ્તારમાં પાણી પવેશ્યા ન હતા તેઓને પણ ઓછો-વત્તે અંશે અસર તો થઈ જ. તેઓને દૂધ મળ્યું નહિ. રોજીંદી વપરાશની વસ્તુઓથી તેઓ વંચિત રહી ગયા.*

*તારીખ ૭, ૮, ૯ના રોજ પુરની પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે રાહત કામગીરી શક્ય જ ન હતી, છતાં જ્યાં પહોંચાય ત્યાં બોટ દ્વારા કે પગપાળા સેવકો અને કર્મચારીઓ પહોંચ્યા. આઠમી અને નવમીએ તો સુરત શહેરના પુરગ્રસ્ત લોકોની મદદે હેલિકોપ્ટરો પણ આવી ગયા, જેના દ્વારા માનવ બચાવ કામગીરી તો કરી જ પણ એર ડ્રોપીંગ દ્વારા જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ પહોંચાડવામાં આવી. જેમાં શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓનો ફાળો પણ નોંધનીય ર[illegible]ો.*

***પૂર પ્રલયથી મહાનગરપાલિકાની મિલકત અને માળખાગત સુવિધાને થયેલ નુકશાનીની અસર :–***

*હાલમાં આવેલ પૂરથી શહેરનો ૮૦ ટકા વિસ્તાર પાણીથી ગરક થઈ ગયેલ હતો. પરિણામે શહેરમાં આવેલ સુરત મહાનગરપાલિકાની હાઈડ્રોલિક સીસ્ટમને રૂા. ૧,૦૩૨. ૬૬ લાખ, ડ્રેનેજ સીસ્ટમને રૂા. ૨૦૫૪.૪૪ લાખ, સ્ટોર્મ વોટર ડ્રેઈન સીસ્ટમને રૂા.*

૩૨૩.૨૦ લાખ, વિવિધ ઝોનને રૂા. ૩૭૦.૧૩ લાખ મળી પ્રાથમિક સુવિધાઓને અંદાજીત કુલ રૂા. ૩૭૮૦.૪૩ લાખ, વિયર અને પાળાઓને રૂા. ૫૫૦૦ લાખ, ગૌરવપથ સહિતના આરસીસી, મેટલ ગ્રાઉટીંગ સહિતના મોટા રોડને રૂા. ૨૩૮૬.૬૮ લાખ, વોર્ડ ઓફિસ, હેલ્થ સેન્ટર, ઓડીટોરીયમો, મ્યુઝિયમ, ઝોન ઓફિસ, નાગરિક સુવિધા કેન્દ્ર જેવી મિલકતોને રૂા. ૮૯૮.૦૪ લાખ, ટ્રાફિક નિયમનના સાધનોને રૂા. ૪૨૩ લાખ, શહેરમાં આવેલ સ્ટ્રીટ લાઈટ માળખાને રૂા. ૩૦૩.૪૩ લાખ, શહેરમાં જુદા જુદા વિસ્તારમાં આવેલ ફલાયઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, જેવા સિવિલ કામોને અંદાજીત રૂા. ૪૩.૨૦ લાખ, અન્ય સાધનો સહિત રૂા. ૯૨.૪૨ લાખ, મનપાના રૂા.૧૫૦.૨૮ લાખના વાહનો, કચેરીઓમાં આવેલ જુદા જુદા પ્રકારના ફર્નીચરને રૂા. ૧૨૭.૧૦ લાખ, મનપાના રૂા. ૯૬.૭૬ લાખના રેકર્ડ, રાહત અને બચાવના સાધનોને રૂા. ૧૭૦.૨૨ લાખ, અન્ય તાત્કાલિક રિપેરીંગ સાધનોને રૂા. ૭૨.૨૭ લાખ મળી કુલ રૂા.૧૪૦૪૩.૮૩ લાખની સુરત મહાનગરપાલિકાની મિલ્કતો અને માળખાગત સુવિધાને નુકસાન થવા પામેલ છે.

ચારે બાજુએથી મદદ માટે લોકો આવી પહોંચ્યા પણ તાપી નદીના - વાહનો વેગ જ એટલો બધો હતો કે, ક્યાંય પણ જવાય નહિ.

તેથી બધા રાહ જોઈ હાઈવે ઉપર ઉભા તો પુરગ્રસ્ત- જા લાચારીથી તાપીના પૂરને જોઈ રહી. ધાર્મિક લોકોએ તાપી નદીની પૂજા કરી ચૂંદડી પણ ચઢાવી કે ‘માતા હવે ખમૈયા કરો’.

છતાં તાપીમાતા શહેરની ગલીઓમાં અને રસ્તાઓ ઉપર કે કોઈક ના ઘરમાં ને મેદાનમાં સતત ચાર દિવસ ઘૂઘવતી રહી.

દસ તારીખથી ધીમેધીમે પાણી ઓસરવાના શરૂ થયા.

જે વિસ્તારો જળબંબાકાર હતા ત્યાં મોટા વાહનો દ્વારા આસપાસના ગ્રામ્યજનો, સ્વૈચ્છિક સંસ્થા, સહકારી સંસ્થાઓ, મહાનગરપાલિકા સાથે અગ્રેસર રહી, ફૂડ્પેકેટ્સ, પાણી, દૂધ પહોંચાડવાની સેવામાં લાગી ગયા. આમ માનવતા મહેંકી ઉઠી.

સુરત મહાનગરપાલિકાએ યુદ્ધના ધોરણે ભટારમાં કન્ટ્રોલરૂમ શરૂ કર્યો. તમામ સ્ટાફને હાજર થવા ફરમાન કરવામાં આવ્યું, જેથી પુનઃસ્થાપન - ક્રિયાને વેગ મળે, રાહત કામગીરી શરૂ કરી દેવામાં આવી.

સુરત મહાનગરપાલિકાની સાથે કલેક્ટર, આર.ટી.ઓ., જી.ઈ.બી., ટોરેન્ટ પાવર, પોલીસ અને સેવાભાવી સંસ્થાઓ કામે લાગી.

મશીનરી અને મેનપાવરનું વિતરણ આયોજનબદ્ધ કરવામાં આવ્યું. દરેક વિસ્તારમાં મહાનગરપાલિકાના કર્મચારી તો હોય જ સાથે - જા અને સ્વયંસેવકો પણ કામે લાગ્યા.

તાપી નદીના પાણી ઉતરી ગયા અને પાછળ મરેલા ઢોર, એક કે દોઢ ફૂટ કાદવ-કીચડ અને અસ્તવ્યસ્ત શહેર મુકતા ગયા.

મહાનગરપાલિકાએ હવે બરાબરની કમર કસી. તેમની પુર અને પૂર ઉતર્યા બાદ કરેલા રાહત કાર્યો અને - જાલક્ષી આરોગ્યવર્ધક તથા જનજીવન થાળે પડે તે - કારની કામગીરી ઉપર એક નજર નાખીએ.

| | |
|---|---|
| (૧) અસરગ્રસ્ત વિસ્તાર અંદાજીત | ૧૨૮ ચો.કિમી. |
| (૨) અસરગ્રસ્ત વસ્તી અંદાજીત | ૧૯ લાખ |
| (૩) અસરગ્રસ્ત કુલ ઘરોની સંખ્યા | ૪ લાખથી વધુ |
| (૪) સ્થળાંતર કરાયેલ કુલ વ્યક્તિઓ | ૬૩,૬૫૦ |
| (૫) રાહત કેન્દ્રની સંખ્યા | ૬૫ |
| (૬) રાહત કેન્દ્રોમાં વ્યક્તિઓની સંખ્યા | ૬૩,૬૫૦ |
| (૭) રાહત કેમ્પમાં વહેંચવામાં આવેલા કુલ ફૂડ પેકેટ્સ | ૫,૮૪,૭૨૯ |
| (૮) અન્ય વિસ્તારમાં વહેંચવામાં આવેલા કુલ ફૂટ પેકેટ્સ | ૧૩ લાખથી વધુ |
| (૯) પીવાના પાણીના ટ્રેક્ટર પુરા પાડયા | ૪૦૦૦ |
| (૧૦) વહેંચવામાં આવેલા પાણીના પાઉચ અને બોટલો | ૧૪,૪૮,૪૧૬ |
| | ૧૬ ટ્રક અને ૨ ટ્રેક્ટર |
| (૧૧) માટી કીચડ, કચરાનો નિકાલ | ૨,૬૦,૦૦૦ ટનથી વધુ |
| (૧૨) -ાપ્ત થયેલી માનવ જાનહાનિ | ૪૮ |
| (૧૩) મરેલા જાનવરનો કરેલો નિકાલ | ૪,૪૦૬ |
| (૧૪) વહેંચવામાં આવેલી ક્લોરીન ટીકડીઓ | ૫૩,૪૫,૮૬૭ |
| (૧૫) વહેંચવામાં આવેલી આરોગ્ય વિષયક દવાઓ | ૬,૫૮,૯૩૯ |
| (૧૬) જંતુનાશક દવાઓનો છંટકાવ - પાવડર | ૨૭,૫૨,૫૮૭ કિલો |

| | |
|---|---|
| - -વાહી | ૬૫,૧૩૩ લીટર |
| (૧૭) દૂધનો પાઉડર વહેંચાયો | ૪૧,૬૯૧ કિલો |
| (૧૮) કાર્યરત મેડિકલ ટીમની સંખ્યા | સરેરાશ ૨૫૦ ટીમ -તિદિન |
| (૧૯) નિયમિત કામદારો અને બેલદારોની હાજર સંખ્યા | -તિદિન ૮૨૫૦થી વધુ કામદારો |
| (૨૦) હંગામી ધોરણે રોકેલા રોજીંદા મજુરો અને બેલદારો તથા કોન્ટ્રાક્ટરોના વધારાના લીધેલા સફાઈ કામદારો અને બેલદારો | સરેરાશ ૨૫૦૦થી વધુ -તિદિન |
| (૨૧) કાર્યરત ટ્રેક્ટરો અને ટ્રકોની સંખ્યા | સરેરાશ ૨૫૬ -તિદિન |
| (૨૨) કાર્યરત ડ્મ્પરો અને ટીપરની સંખ્યા | ૮૯૩ -તિદિન |
| (૨૩) કાર્યરત જે.સી.બી.ની સંખ્યા | ૧૮૦ સરેરાશ -તીદિન |
| (૨૪) ઉપયોગમાં લીધેલા ડીવોટરીંગ પંપોની સંખ્યા | સરેરાશ ૭૫ -તિદિન |
| (૨૫) ખાનગી ભોયરા અને ખુલ્લા પ્લોટોમાંથી ડીવોટરીંગ કરવામાં આવ્યું હોય તેની સંખ્યા | ૩૦૪૭ |
| (૨૬) ઉપયોગમાં લીધેલ જનરેટર સેટની સંખ્યા | ૧૬૫ સરેરાશ -તિદિન |
| (૨૭) ઉપયોગમાં લીધેલી નાની તથા મોટી હોડીઓની સંખ્યા | ૧૨૪ પૈકી ૮૦ ખાનગી |
| (૨૮) મદદમાં આર્મી અને સી.આર.પી.એફ. જવાનો | ૬૧૭ |
| (૨૯) કાર્યરત હેલીકોપ્ટર | ૧૨ |
| (૩૦) હેલીકોપ્ટર અને બોટ દ્વારા બચાવ કાર્ય દરમ્યાન બચાવવામાં આવેલાની સંખ્યા | ૨૩,૦૦૦ |

*પુર પછીની પરિસ્થિતી જોતાં મહાપાલિકા દ્વારા રાજ્ય સરકાર શ્રી અર્ધસરકારી સંસ્થાઓ અને સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી સફાઈ ઝૂંબેશ દિવસ રાત જાળવી રાખવામાં આવેલી. થયેલી કામગીરીનો અંદાજ ત્રણ અઠવાડીયા દરમ્યાન કરેલા બે થી અઢી લાખ ઘન કચરાના નિકાલ ઉપરથી આવે છે.*

*તેમ છતાં કેટલાક સ્થાનિક અખબારો દ્વારા મોટેપાયે રોગચાળો ફેલાયો હોવાની -જાને ભરમાવનાર અને ગેરમાર્ગે દોરનારા સમાચારો -સિદ્ધ કરવામાં આવેલા જેમાં તથ્ય નહિ હોવાનું તંત્ર દ્વારા ભારપૂર્વક જણાવવામાં આવેલું.*

*મોબાઈલ મેડીકલ ટીમ દ્વારા સરકારી અર્ધસરકારી સંસ્થાઓ સાથે ખભેખભા મિલાવી સારવાર માટેના પુરતા -યત્ન કરવામાં આવેલા સાથે સાથે એ પણ જણાવવામાં આવેલું છે કે, પૂર પૂર્વેના એક સપ્તાહમાં સરેરાશ ૪૧ મૃત્યુના આંકનો અહેવાલ છે. તેને ૨૮મી ઓગષ્ટના મૃત્યુઆંક સાથે સરખાવવામાં આવે તો તે અસામાન્ય પરિસ્થિતિ નથી એવું -સ્થાપીત થાય છે.*

*૧૫ ઓગષ્ટનો સ્વાતંત્ર્ય દિવસ સુરત મહાનગરપાલિકાએ કંઈક જુદી જ રીતે સ્વચ્છતા અને સફાઈ અભિયનથી ઉજવવાનો સમય આવ્યો હતો. તંત્ર શહેરને પુનઃ ઝડપથી સ્વચ્છ બનાવવા સતત કાર્યશીલ રહયું. પરિણામે શહેરને પુનઃ ધબકતું કરવામાં તંત્ર સફળ પુરવાર થયું. મહાનગરપાલિકના ચાર વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૬ જળ વિતરણ મથકો માત્ર ૪૮ કલાકમાં કાર્યાન્વિત કરી પાણી પુરવઠો લોકો સુધી પહોંચાડવામાં આવ્યો તો છ એ છ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ૨૮ પંપીંગ સ્ટેશનો ૭૨ થી ૯૬ કલાકમાં આંશિકથી સંપૂર્ણ કાર્યરત કરવામાં તંત્ર સંપૂર્ણ સફળ રહ્યું. તેવી જ રીતે વીજળી પુરવઠા અને સ્ટ્રીટ લાઈટ પણ આંશિક રીતે સંપૂર્ણ ૬ કલાકમાં ઉપલબ્ધ કરવામાં આવી હતી.*

*આમ ૨૦૦૬ના તાપી તાંડવ સામે સરકારી તંત્ર, -જા અને સુરત મહાનગરપાલિકા નાસીપાસ થયા વગર આવી પડેલ ગંદકી, રોગચાળાના ભય, ઘરેલું સમસ્યા જેવા પડકારો સામે ઝનુનથી ટકી રહ્યા અને પુનઃ જનજીવન ધબકતું **થયું** અને હજુ સુરત મહાનગરપાલિકાનું આ અભિયાન અવિરત ચાલુ જ છે. સુરતને ફલડ પૂર્વે હતું તેનાથી અદકેરું સ્વચ્છ, સુંદર અને સુવિધા સભર મૂકવાની દિશામાં આ એક સતત પ્રક્રિયા છે. મનપાના આ અભિયાનમાં કામદાર થી કમિશ્નર સુધી, સાથે મનપા, નગરપાલિકા, સ્વૈચ્છિક સંગઠનો અને રાજય સરકારશ્રી નિયુક્ત ખાસ ફરજ પરના સચિવશ્રી ચીફ કો ઓર્ડીનેટરશ્રી એસ. આર. રાવ થી મુખ્યમંત્રીશ્રીના સહિયારા પ્રયાસ સખત રાત્રિ દિનની મહેનત, અંગત ઘરેલુ સમસ્યાઓને વિસારી માત્ર અને માત્ર જાહેર હિતને નજર સમક્ષ રાખી દાખવેલ ફરજનિષ્ઠા અને સહયોગનું પરિણામ છે. સુરતની ખમીરવંતી પ્રજા નર્મદની શોર્યશૈલીથી આ પ્રયાસોને વધાવવા સાથે તંત્રને રચનાત્મક સહયોગ થકી સુરતને લબ્ધ પ્રતિષ્ઠિત પ્રથમ હરોળમાં મૂકવામાં તંત્ર જરૂર સફળ રહેશે.*

## " સુરતને પાછું બેઠું કરવા "

ચાલો ફરી પાછા હસતાં થઈ જઈએ,
તાપીને કિનારે વસતાં થઈ જઈએ.

રડવાનો નથી, આ લડવાનો સમય છે,
તકલીફના પહાડો ચઢવાનો સમય છે.
ખૂબ ઉંચે જનારા રસ્તા થઈ જઈએ,
ચાલો, ફરી પાછા હસતાં થઈ જઈએ.

પાણીમાં ડૂબે ઘર, સામાન ને મીલ્કત,
કિન્તુ નહી ડૂબે વિશ્વાસ ને હિંમત.
પહેલાથી વધુ ઝડપે વિકસતા થઈ જઈએ,
ચાલો, ફરી પાછા હસતાં થઈ જઈએ.

TOP

## મેલેરીયા / ડેન્ગ્યુથી બચવા શહેરના નાગરિકો માટે આરોગ્ય સંદેશ

પૂર પ્રશ્ચાતની હવામાન પર્યાવરણની આરોગ્ય પર થતી અસરની ગંભીરતાને સમજીને આવતા એક મહિના માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખશો.

૧. પાણી ભરેલા વાસણો કે પાણી ભરેલ ખુલ્લી ટાંકીઓમાં મચ્છરના પોરા ઉત્પન્ન થાય છે. આ પોરા જ મચ્છરોની ઈયળો છે. જેથી નાગરિકોએ પોતાના ઘરમાં પીપ, પવાલી, પ્લાસ્ટીકના કેરબા કે ખુલ્લી ઓવર હેડ કે અંડર ગ્રાઉન્ડ ટાંકીમાં પાણીનો સંગ્રહ ન કરવો તથા દર પાંચમાં દિવસે વાસણો ઘસીને સાફ કરવા.

૨. મેલેરીયા કર્મચારી / ડોકટરની સલાહ મુજબ લોહીની તપાસ કરાવવી અને દવાનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો.

૩. હાથ અને પગ ઢંકાય તેમ લાંબી બાંયનાં કપડાં પહેરવા હિતાવહ છે.

૪. મચ્છરદાનીનો ચોકકસ ઉપયોગ કરશો.

૫. મેલેરીયાના વર્કસ તાવના દર્દીની જાણકારી, લોહીની તપાસ અને સારવાર અને પોરાના નાશ માટે તમારા ઘરે આવે ત્યારે સહકાર આપશો.

૬. તાવ આવે એટલે તરત નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર / સિવિલ હોસ્પિટલ / સ્મીમેર / ફેમીલી ડોકટર / અન્ય હોસ્પિટલ પર જઈ સારવાર અવશ્ય લેવી.

TOP

# શાળાના સંચાલકો અને વાલીઓ જોગ આરોગ્ય સંદેશ

પૂર પ્રશ્ચાતની હવામાન પર્યાવરણમાં થયેલ ફેરફારોને લીધે શહેરનાં બાળકોના આરોગ્ય રક્ષણ માટે ખાસ પગલાં જરૂરી છે. આ વિષયે સંચાલકો અને વાલીઓની સંયુક્ત જવાબદારી છે, જે ગંભીરતાથી લઈ આવતા એક મહિના માટે નીચેની તકેદારી લેવી.

૧. શાળાનાં મકાન અને કમ્પાઉન્ડની પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રહેવી જોઈએ.

૨. શાળાનાં મકાનમાં અગાશી સહિત અને પરિસરમાં કોઈપણ પ્રકારના પાણીના નાનાં મોટા ભરાવાનો નિયમિત નાશ કરવો.

૩. બાળકોના હાથ અને પગ બન્ને ઢંકાય તે રીતે લાંબી બાંયનાં કપડાં અને બુટમોજા પહેરે તે માટે સતત આગ્રહ રાખવો.

૪. વિદ્યાર્થીને તાવ આવે તો તાત્કાલિક સારવાર મળે તે જોવું.

૫. વિદ્યાર્થીને તાવ ઉતરી જાય પછી પણ બે દિવસ ઘરે સારવાર અને સંભાળ માટે રહે તેવો આગ્રહ રાખવો.

TOP

'' સ્વચ્છ તન, સ્વચ્છ મન, સ્વચ્છ ઘરને આંગણુંતો વિશ્વ બને રળિયામણું. ''

# વેલકમ કલીચારીટી કલબ

C/o વી. એન. ગોધાણી કન્યા વિદ્યાલય, ગ્રીન લાઈન્સ, સુરત.

" સ્વચ્છ સુરત હશે કયારે ? હુંરાખીશ ચોખ્ખુંઆગણુંજયારે "

<u>પ્રેસનોટ</u>

કતારગામ વિસ્તારમાં
વેલકમ કલીચારીટી કલબનુંજન જાગૃતિ સફાઈ અભિયાન

શહેરમાંજનજાગૃતિ માટે વેલકમ કલીયારીટી કલબના
સફાઈ મહા અભિયાનમાંકતારગામમાંલોકો ઉમટી પડયા

વેલકમ કલીયારીટી કલબના ૫૦૦ થી વધારે કમાન્ડોએ
ગ્રીન લાઈન્સ(કતારગામ) વિસ્તારની સાથે સમગ્ર સુરતમાંસફાઈનો સંદેશો પહોંચાડયો.

વેલકમ કલીયારીટી કલબ છેલ્લા ૧૩ વર્ષથી આપણા સુરત શહેરની સાથે સમગ્ર રાષ્ટ્રમાંસફાઈનો સંદેશો પહોંચાડી જનજાગૃતી માટે સતત કાર્યશીલ છે. આ સંસ્થા તેના હેતુ અને કામગિરીથી શહેરમાંએક સફાઈપ્રેમી સંસ્થા તરીકે ખૂબ જ જાણીતી બનેલી છે. જે આપણે સહુ જાણીએ છીએ.

હાલના સંજોગોમાંસુરતમાંજે વિનાશક પૂર આવેલા અને તેને કારણે આપણા શહેરમાંસફાઈની અને સામાન્યજનમાંસફાઈ પ્રત્યેની જનજાગૃતિ આવે અને જો આપણે સહુ આપણી પોતાની ફરજ સમજી આપણા ઘર, આગણાંને, સોસાયટીને સ્વચ્છ રાખીશુ તો ચોકકસ આપણો વિસ્તાર ગંદકીથી મુકત બની સ્વચ્છ અને સુંદર બનશે. જેથી આપણુંસુરત શહેર પણ ફરીથી સ્વચ્છ અને સુંદર બની જશે. આવા શુભ અને જનજાગૃતિના સફાઈના હેતુ સર આજ રોજ કતારગામ વિસ્તારમાંસફાઈ મહા અભિયાન રાખેલ જેને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળેલ છે. લગભગ ૫૦૦ થી વધારે વ્યકિતઓ સ્વૈચ્છિક રીતે હાજર રહી આ વિસ્તારને સ્વચ્છ અને સુંદર બનાવેલ છે.

કતારગામ વિસ્તારમાં૪ ટીમ બનાવવામાંઆવેલ પહેલી ટીમ ગોધાણી સ્કુલેથી શરૂ કરી કતારગામ દરવાજા અને ત્યાંથી પાછા ફરી ધોળકીયા ગાર્ડન સુધી સફાઈ કરેલ. આ ટીમનુંનેતુતત્વ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા, શ્રી માવજીભાઈ માવાણી, શ્રી દેવચંદભાઈ કાકડીયા અને શ્રી કે. ડી. પાલડીયા તેમજ તેમની સાથે સમગ્ર વેલકમ કલીયારીટી કલબના કમાન્ડો જોડાયેલા. બીજી ટીમ પીપલ્સ ચાર રસ્તાથી માધવાનંદ આશ્રમ અને ત્યાંથી દરબાર નગર સુધી સફાઈ કરેલ. ત્રીજી ટીમ બાળાંશ્રમથી વિશાલનગર થી હરિઓમ મીલ સુધી સફાઈ કરેલ. જયારે ચોથી ટીમ બાળાશ્રમથી હરિહરિ સોસાયટી થઈ ત્યાંથી ધનમોરા ચાર રસ્તા, સિંગણપોર રોડ સુધી સફાઈ કરેલ. આ ત્રણેય ટીમો સાથે શ્રી રવજીભાઈ શંભુભાઈ, શ્રી લાભભાઈ ધોળીયા, શ્રી વલ્લભભાઈ વોરા, શ્રી રણજીતભાઈ નાવડા અને સુરત મહાનગર પાલિકાના શ્રી ખાટીવાલા સાહેબ અને તેમના સાથી કર્મચારીઓએ ખાસ જહેમત ઉઠાવેલ.

કતારગામ વિસ્તારમાંઆ સફાઈ અભિયાનમાં૫૦૦ થી વધારે સફાઈપ્રેમી સજજનો એ પોતાનો "શ્રમદાન" આપી એક ફરજનિષ્ઠ નાગરિક તરીકેની ઉમદા છાપ આપેલ છે. આ સફાઈ અભિયાનને કારણે શહેરમાંએક ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે. અને હવે પછી આ સફાઈ જન જાગૃતિ સફાઈ અભિયાનથી શહેરને સ્વચ્છ બનાવવા માટે દરેક નાગરિક પોતાની ફરજ સમજશે.

વેલકમ કલીયારીટી કલબના આ સફાઈ અભિયાનમાંશહેરને જેમણે નવી દિશા અને રાહ બતાવેલ છે તેવા લોકપ્રિય અધિકારીશ્રી એસ. આ. રાવ સાહેબ, આરોગ્ય અધિકારશ્રી અમરજીત સિંહ, શ્રી મહાપાત્ર, શ્રી પંકજભાઈ જોષી અને તેમની સાથે દાહોદ, ગોધરા અને ગુજરાતના અન્ય જીલ્લામાંથી આવેલ ડે. કલેકટરશ્રી રોશ માંજુ, રાજકુમાર, મનીષા ચંદ્રા, શેખર વિદ્યાર્થિ, અને રાહુલ ગુપ્તા ખાસ ઉપસ્થિત રહી આ સફાઈ અભિયાનની સરાહના કરી હતી. અને તેની સાથે ડે. મેયર સુષ્મા અગ્રવાલ, શાસક પક્ષ નેતા રાજેશભાઈ દેસાઈ, નિરંજનભાઈ ઝાંઝમેરા, રંજનબેન, આરોગ્ય સમિતિના ડો. જગદિશભાઈ અને શ્રી રાજેશભાઈ, પણ આ સફાઈ અભિયાનમાંનાગરિકોને પ્રોત્સાહન આપવા ખાસ હાજર રહયા હતા.

આ ભગીરથ જનજાગૃતી સફાઈ મહાઅભિયાનને સફળ બનાવવા માટે ખાસ શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટના શ્રી રાહુલભાઈ ધોળકીયા, શ્રી કે. ડી. નારોલા અને શ્રી ધનશ્યામભાઈ લખાણી તેમજ સુરત મહાનગર પાલિકાનાશ્રી ગામિત સાહેબે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.






TOP

# રાંદેર ઝોન

-મનપા ની એક સેવાકીય રીતે વ્યસ્ત કચેરીઃ

-કચેરીની અવદશા થઈ પણ કર્મચારીઓનો જુસ્સો અગાઉથી વધારેઃ

-મહિલા કર્મચારીઓ ૨૪ કલાક સેવામાંઃ

-ભાવના દવેનું નેતૃત્વ સેવાની સરવાણીઃ

સૂરતઃ શુક્રવારઃ રાંદેર વિસ્તારમાં ઝોન કચેરીમાં પાણી ભરાતાં લગભગ ૨૫૦ જેટલા કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. કચેરીની સંપૂર્ણ અવદશા થવા છતાં આ કર્મચારીઓએ લોક સેવા ચાલુ રાખી હતી.

આ ઝોન કચેરીમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ખાસ્સી એવી છે. આ તમામ મહિલા કર્મચારીઓએ જુસ્સાભેર કામગીરી કરી અને જુદા જુદા વિસ્તારમાંથી મળતી ફરિયાદોના નિકાલ માટે માણસો મોકલીને નાગરિકોને મહેતમ રાહત મળે તેવા પ્રયાસો કર્યા અને હજી પણ કરી રહી છે.

આ કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ભાવના દવે એક મહિલા તરીકે સમગ્ર ઝોન વિસ્તારમાં નાગરિકોની મુશ્કેલીમાં સતત કાર્યરત રહીને અન્ય કર્મચારીઓને પણ પ્રોત્સાહન આપી રહયા છે. રાંદેરના ઝોન કચેરીના એક નાનકડા કર્મચારી સુથાર તરીકે સેવા આપી રહયા છે. તેમણે એક મજૂર પરિવાર પોતાના બે બાળકો સાથે પાણી વહેણમાં ફસાયું હતું ત્યારે બોટ લઈને જઈને આ ગરીબ પરિવારને બચાવવામાં જાનના જોખમે પણ સાહસ કર્યુ અને બચાવી લીધુ હતું.

આજ ઝોનના એક કર્મચારીએ દિવાળી બાગ તથા આજુબાજુની સોસાયટીમાના બાળકોને પીવાના પાણીની આવતી ફરિયાદો સામે પૂરના પાણીમાં પણ પૂરમાં તરીને જઈને પાણીના પાઉચ ખભે નાખી દિવાળી બાગ સુધીની સોસાયટીઓમાં જઈ બાળકોને પીવાના પાણી પહોચાડયા હતા.

વેસ્ટ ઝોનના લાઈટ પ્રદરા ખાતે ફસાયેલ કુલ ૨૫૦ માણસના ખાવા પીવાની વ્યવસ્થાનો મોટો પ્રશ્નો ઉભા થયો હતો. ત્યારે ઝોનના કર્મચારીઓ પણ પાણીના પૂરમાં તરીને બહાર જઈને અન્ય વિસ્તારોમાંથી ભોજનની વ્યવસ્થા કરાવી લાવી ૨૫૦ વ્યકિતઓને ભોજન પૂરુ પાડયું હતું.

જોવાની વાત તો એ છે કે ઝોનના કર્મચારીઓ , મહિલા કર્મચારીઓ, એ સતત દસ દિવસથી રાત-દિવસ ઉજાગરા-ભૂખ સહન કરી પોતાની ફરજમાં સતત કાર્યરત રહયા હતા તેમણે પોતાના પરિવારને ભગવાનના ભરોસે છોડી અન્ય પરિવારોને બચાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

0000000

સમા.સં. ૧૫૪


# પાલનપુર પાટિયા ની રહેણાંકની સોસાયટીમાં એક લાડકુનામ શરીફ શેખ

સૂરતઃ શુક્રવારઃ આમતો શરીફ શેખ અંકલેશ્વર નગરપાલિકાના કેશીયર છે. પણ તેઓ રાજય સરકારના આદેશથી કામદારોની ટીમ સાથે પાલનપુર પાટિયા વિસ્તારમાં ગંદકી, કચરો અને કાદવના નિકાલમાં કામે લાગ્યા છે.

શરીફ શેખ કહે છે જયારે હું સૂરત આવ્યો અને મને આ વિસ્તાર ફાળવ્યો અને તુરત હું અહી પહોચી ગયો.હું મારા કામદારો સાથે સીધો જ કામે લાગ્યો જે સોસાયટીમાં હુ કામે લાગ્યો હતો ત્યાં શરૂમાં અમને પીવાનું પાણી પણ કોઈ પૂછનાર ન હતું છતાં મે મુખ્ય માર્ગ ચોખ્ખો કરવાનું ચાલુ રાખ્યું. થોડાક સમયમાં મુખ્ય માર્ગ ચોખ્ખો થતાં સોસાયટીના લોકો ધીમે ધીમે બહાર આવ્યા અને જોયું કે આ લોકો ખૂબ મહેનતથી કામ કરે છે ત્યારે સોસાયટીના યુવાનો પણ અમારી સાથે કામે લાગ્યા અને સોસાયટીના આંતરિક માર્ગો પણ ચોખ્ખા થવા લાગ્યા આમ સૌનો જુસ્સો વધ્યો બસ પછી તો સોસાયટીના રહીશો પણ અમારા ઉપર વારી ગયા અને બે ટાઈમ જમવાનું અને ચા પણ મળવા લાગી બસ પછી તો અમોએ છેક પંકજનગર સુધીની સોસાયટીઓ ચોખખી કરવાનું અભિયાન ઉપાડયું

આજે આ સોસાયટી વિસતારોમાં શરીફ શેખ એક નગરપાલિકાનો નાનકડો કર્મચારી અને તે પણ કેશીયરનું કામ કરનાર કર્મચારી એટલું બધ્ધુ લાડકુ નામ બની ગયું છે કે લોકોનાં ભોજનનાં આમંત્રણ પેન્ડીંગ પડયા છે. શરીફ શેખ દેખાવે સામાન્ય અને મુસ્લિમ હોવા છતાં જૈન બ્રાહમણોની વસ્તીમાં તેમના કામદારો સાથે એક લાડકૂ અને આદરભર્યુ નામ બની ગયું છે.શરીફ શેખ પોતે જિંદગીમાં કયારેય આવું કામ કર્યુ નથી કોઈ ટેકનીકલ અનુભવ નથી છતાં આજે ફટાફટ સોસાયટી સાફ થઈ રહી છે. અને તેમના કામદારો માટે આ સોસાયટીના રહીશો ખડેપગે તૈયાર છે.

0000





**અહેવાલ :– નિખેલેષ ઉપાધ્યાય, માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.**

TOP

## પોતાના દુકાનમાં દશ લાખનું નુકશાન ભોગાવનાર યોગેશ ધાણક શું કહે છે?

સૂરતઃ શુક્રવારઃ આ તો કુદરતી કોપ છે. નુકશાન સૌને થયું છે. મુશ્કેલી સૌને આવી છે. છતા એમ કહેવું તદન ખોટું છેકે સરકારી તંત્ર સાવ બુઠું રહયું સરકારી અધિકારી અને મનાપાના અધિકારીને કર્મચારીને રાત દિવસ કામ કરતા જોયા છે. મારાજ કિસ્સામાં મનપાના કર્મચારીઓ મને અને મારા સ્ટાફને વ્હારે આવતા આજે અમો સલામત છીએ

આ શબદો છે. આનંદ મહેલરોડ ઉપર પોતાની દુકાન ધરાવતા યોગેશ ધાણાકના તદન અશિક્ષિત અભણ એવા આ યુવાન વેપારી લાખોનું ટન ઓવર ધરાવતો વેપારમાં છે. તેમને પોતાને દશ લાખનું નુકશાન થયું છે. તેની પરવા કરતા નથી છતા તેમણે ઈસ્કોન પ્લાજામાં રહેતા અન્ય રહેવાસીઓને પણ મદદ કરી હતી.

કુદરતી આફતોમાં તંત્ર સાથે જોડાઈને સામુહિક સેવાયજ્ઞમાં જોડાઈએ તો હુ માનું છુંકે આપત્તિમાંથી બહાર જલ્દી આવીએ તેમણે સૌ સુરતી વાસીઓને ઝડપભેર શહેર થાળે પડી રહયું છે ત્યારે રોજગાર ધંધા અને બજાર પુનઃ યથાવત થઈ જાય તે માટે કટિબધ્ધ તંત્રના કામ કરતા  માણસો સાથે કામે લાગી સૂરતને પુનઃ સુંદરતા બક્ષવા લાગણી વ્યકત કરી હતી.

OOOOO

સમા.સં૧૫૬

## અંકલેશ્વર નગરપાલિકાની ટીમને ભરપૂર લોક સહયોગ મળ્યો

પાલનપુર પાટિયા વિસ્તારમાં રહેતા યુવાન એવા રીકીન વ્યાસ કહે છે કે તંત્ર દ્વારા મળતી રેડિયો ઉપરની સૂચનાઓ અને એસ.એમ.એસ. સૂચનાઓ અન્વયે હમો સલામત જગ્યાએ સ્થાળાતર થતાં પરિવાર સહિત અમો બચી ગયા છીએ.

અમારા વિસ્તારમાં ગંદકી અને કાદવની સફાઈમાં અમો ના માનીએ અને લોકોના માન્યામાં ન આવે તેવી યાદગાર ઘટના બની છે. રાજય સરકાર વતી અમારા વિસ્તારની સોસાયટીઓમાં અંકલેશ્વર નગરપલિકાની ટીમ આવી અને આજે અમારા વિસ્તારની તમામ સોસાયટીઓ ચોખ્ખી થઈ રસ્તા સાફ થયા છે. બે દિવસ તો પાણી ના ઉતારતા અમો સૌ ગભરાયા હતા. પરંતુ રાંદેર ઝોનનો સંપર્ક કરી એમની એક ટ્રક માણસો સાથે ખેંચી લાવી અમારા વિસ્તારમાં કેટલાંક મૃત્યું પામેલ વ્યકિતઓનો યોગ્ય નિકાલ કરાવ્યો

રીકીન વ્યાસ આટલે થી ના અટાકતા વધુમાં કહે છે અમો સૌ યુવાનો એક થઈ અંકલેશ્વર નગરપાલિકાની ટીમ સાથે કામે લાગી ગયા એક એક કરતાં અમારી સોસાયટી ચોખ્ખી થવા લાગી આટલું જ નહિ અમારી સોસાયટીના રહીશો માટે  છેક  દાંડી નવસારી, ઓલપાડના ગામોમાંથી ગ્રામોજનો દુધ લઈને આવ્યા પાણી પણ લઈ આવ્યા તેનાથી અમારો કામ કરવાનો જુસ્સો વધ્યો

અંકલેશ્વર નગરપાલિકાની ટીમ અમારા માટે આર્શીવાદરૂપ એટલા માટે નીવડી કે આ ટીમના કામદારોએ કોઈપણ જાતની પરવા કર્યા વગર કે આરામ કર્યા વગર સીધા જ કામે લાગ્યા અને ટન બંધ કચરો અને કાદવ બહાર ઠાલવી દીધો.

રાંદેર ઝોન મનપાના ફાયર બ્રિગ્રેડના જવાનો પણ આ વિસ્તારની તમામ સોસાયટીના લોકોએ પણ સહયોગ આપ્યો . ફાયરબ્રિગેડના જવાનો સાથે કામે લાગી મૃતક વ્યકિતઓની અંતિમક્રિયામાં મદદ કરી આજે રીકીન વ્યાસ ગૌરવભેર કહે છે કે જુઓ અમારી સોસાયટીમાં પાણી ઉતર્યા પછી ટનબંધ કાદવ હતો તેમાંથી મુકિત અમે મેળવી છે. અને તેનો સંપૂર્ણ યશ અંકલેશ્વર નગરપાલિકાની ટીમને જાય છે.

OOOOO






**અહેવાલ :– નિખેલેષ ઉપાધ્યાય, માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.**

TOP

## આવું પણ બન્યું હતું...
## યતીમખાનાના ૨૫૪ બાળકોને સાધુ–સંતોએ
## દોરડે તરીને ખાદ્ય સામગ્રી પહોંચાડી......

**સુરત : મંગળવાર** પૂરગ્રસ્ત સુરતના દિવસો દરમ્યાન શહેરીજનોને મદદમાં આવવાના અને ઉમદા માનવીય કાર્યોનો જાણે ધોધ વહયો હતો. અનેક સંસ્થાઓ યુવકમંડળો વ્યકિતગતરીતે અને મનપાનું તંત્ર આમ સૌ કોઈ સેવાના કાર્યોમાં ત્રણચાર દિવસ તો આ શહેર જાણે સેવાની નગરી બન્યું હતું એ દિવસોમાં શહેરમાં ચારેતરફ માત્ર પાણી હતું અને કોણ કોને મદદ કરી રહયું છે તે પણ જાણી શકાતું નહતું અખબારો પણ ખૂબ ઓછા લોકો સુધી પહોંચતા હતા અને કેટલાંક અખબારી કાર્યાલયો પણ મુશ્કેલીમાં હતા.

સેવા અને શ્રૃષુઆમાં શહેરની સ્વામિનારાયણ સંસ્થા પણ જોડાઈ હતી. આ સંસ્થાના સાધુ–સંતોએ પૂરના ધસમસતા પ્રવાહોમાં હોડીઓ મારફત ૩.૨૪ લાખ ફૂડ પેકેટ, ૪.૨૧ લાખ પાણીના પાઉચ, ૧૪.૬૫ લાખ ભોજન કીટ, ૧૭૦૦૦ દુધની થેલી, પાંચ ટન દુધનો પાવડર પૂરગ્રસ્ત વિસ્તારોમાં ગરીબ વર્ગને વહેચ્યો હતો આ ઉપરાંત પાંચ હજાર જેટલા કુટુંબોને ખાદ્ય સામગ્રીની કીટ તેમજ ૧૨૦૦ ફેમીલીકીટ અને ૨.૫૬ લાખ અનાજ કરયાણાની કીટોનું ખાસ ગરીબ પરિવારોને વિતરણ કર્યું હતું.

વરાછા, સીમાડા, વિસ્તાર ૧૪મી ઓગષ્ટ ૨૦૦૬ થી ૨૦ ઓગષ્ટ ૨૦૦૬ દરમ્યાન ૨૧૦૦ સ્વયંસેવકો અને ૫૦ સંતોની ઉપસ્થિતમાં ૧૫ જે.સી.બી., ૨૦ ટ્રેકટર, ૨૦ ડમ્પર, બે બુલડોઝર ધ્વારા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાત એટલેથી પૂરી થતી નથી સાધુ–સંતોએ પૂરગ્રસ્ત સુરતમાં લોકોના આરોગ્યની કાળજી પણ લીધી હતી. ૫૪૫ બિમાર દર્દીઓને સારવારની વ્યવસ્થા પણ કરી હતી અને મોબાઈલ યુનિટ ધ્વારા પણ અડાજણ, કતારગામ, વેડ, અમરોલી, વરાછા વિસ્તારમાં ૬ ફરતાં દવાખાના મોબાઈલ યુનિટ ધ્વારા ૨૦ હજાર લોકોને સારવાર આપી હતી. પાણી જન્ય રોગચાળા સામે જાગૃતિ કેળવવા ૨૦ સંતોએ કાર્યકરો સાથે ઘેરઘેર ફરીને જાગૃતિ લાવવા પણ પ્રયાસ કર્યો હતો.

આ સાધુ સંતોએ બોટ ધ્વારા ૧૫ ફુટ ઉંડાપાણી પ્રવાહમાં ડુંબતા એક વૃધ્ધ વ્યકિતને પણ બચાવ્યો હતો. આ ઉપરાંત બે યુવકો પણ તણાતા બચાવ્યા હતા. એક ગર્ભવતી મહિલાને પ્રસૃતા પીડા ઉપડતાં બોટ ધ્વારા તાત્કાલિક હોસ્પિટલો મોકલી બચાવી લીધી હતી.

સુરતના ઈસ્માઈલ યતીમખાનાનામાં ૨૫૪ જેટલા મુસ્લીમ બાળકો પૂરના પાણીમાં ફસાયા હતા. ત્યારે તેઓને પણ સ્વયંસેવકો અને સંતોએ દોરડાં નાખી પાણીમાં તરીને દુધ, પાણી અને ખાદ્ય સામગ્રી પહોંચાડી હતી આવી અનેક વ્યથાઓ અન કથાઓ પૂરગ્રસ્ત સૂરતમાં ધરબાઈ રહી હતી.

૦૦૦૦

અહેવાલ :– નિખેલેષ ઉપાધ્યાય, માહિતી બ્યુરો, ગુજરાત સરકાર, સુરત.

TOP